**રમણ સોની:**

લગભગ ચાર દાયકા સુધી ગુજરાતી ભાષા-સાહિત્યના મહારાજા સયાજીરાવ અને અન્ય યુનીવર્સીટીમાં અધ્યાપક રહી ચૂકેલા, વડોદરા-સ્થિત રમણ સોનીનું સાહિત્યના અનેક પ્રકારોમાં અર્થપૂર્ણ પ્રદાન છે. રમણ સોની સર્વ પ્રથમ એક તટસ્થ અને સ્પષ્ટવક્તા વિવેચક છે. તદ્દુપરાંત જ્ઞાનકોશ, એટલે કે એન્સાયક્લોપિડીઆ, અનુવાદ, સંપાદન અને સાંસ્કૃતિક અભ્યાસ તેમના રસના વિષયો છે. એક છેડે નરસિંહ મહેતા, તો બીજે છેડે જાપાનીઝ નવલકથા તોત્તોચાન અને ત્રીજે છેડે સ્વીસ ટૂંકી વાર્તાઓ – આ બધું જ તેમની કલમે પોંખાયું છે. ‘પ્રત્યક્ષ’ જેવાં પ્રતિષ્ઠિત સામયિકનું તેમણે ૨૫થી અધિક વર્ષ સુધી સંપાદન કર્યું હતું અને છેલ્લા ૯ વર્ષથી અમેરિકા-સ્થિત એકત્ર ફાઉન્ડેશન દ્વારા પ્રગટ થતા ઈ-જર્નલ ‘સંચયન’નું તેઓ સંપાદન કરી રહ્યા છે.